પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૮૧ | ૨૨ ડીસેમ્બર, ૨૦૨૦, મંગળવાર; માગશર સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

બ્રિટનથી આવતી ફ્લાટ્સ પર ૩૧મી સુધી પ્રતિબંધ

બ્રિટનમાં કોરોનાના નવા સ્ટ્રેઈનથી હડકંપ : સોમવારે રાતથી ૧૨ વાગ્યાથી ફ્લાઇટ્સ પર પ્રતિબંધ શરૂ થશે, આવનારી ફ્લાઇટ્સના દરેક પેસેન્જર્સનું આરટી-પીસીઆર ટેસ્ટ ફરિજીયાત કરાશે

નવી દિલ્હી, તા. ૨૧

બ્રિટનમાં કોરોનાના નવા સ્ટ્રેઈનને પગલે હડકંપ મચી ગયું છે. આ કારણે કેટલાક યુરોપીયન દેશોએ બ્રિટનથી આવવા જવા પર રોક લગાવી દીધી છે. આ સાથે જ હવે ભારત સરકારે પણ બ્રિટનથી આવનારી ફ્લાઈટ્સ પર ૩૧ ડિસેમ્બર સુધી રોક લગાવી દીધી છે. ફ્લાઈટ્સ પર પ્રતિબંધનો સમય આજે રાતના ૧૨ વાગ્યાથી શરૂ થશે. આ પહેલાં આવનારી ફ્લાઈટ્સના દરેક પેસેન્જર્સનું આરટી-પીસીઆર ટેસ્ટ ફરિજીયાત કરવામાં આવશે.

ભારત સરકાર તરફથી ટ્વિટ કરતાં જણાવવામાં આવ્યું કે, બ્રિટનમાં હાલની સ્થિતિને જોતાં ભારત સરકારે નિર્ણય લીધો છે કે, ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી બ્રિટનથી ભારત આવનારી તમામ ફ્લાઈટ્સ પર પર રોક લગાવવામાં આવે. આ પ્રતિબંધ

● અનુસંધાન પાન-૭ પર

વાઈરસના નવા સ્ટ્રેન અંગે સરકાર સતર્ક, ગભરાવાની જરૂર નથી : મંત્રી

વિશ્વભરમાં કોરોનાના નવા સ્ટ્રેનથી ભારે ગભરાટ : આ વાયરસ અંગે એવી કોઈ વિગતો નથી મળી કે તે વધુ ઘાતક છે એવો બ્રિટનના સ્વાસ્થ્ય અધિકારીઓનો ખુલાસો

નવી દિલ્હી, તા. ૨૧

સ્ટ્રેન વાયરસ કોરોના કરતા પણ વધારે ખતરનાક અને ઝડપથી સંક્રમણ ફેલાતું હોવાની આશંકાએ દુનિયાભરમાં ફફડાટ ફેલાયો છે. આવામાં યુરોપીન દેશોએ યુકે જતી ફ્લાઈટની કામગીરી અટકાવી દીધી છે તેવામાં ભારતમાં પણ આ મુદ્દાને લઈને ઘણી ચર્ચાઓ થઈ રહી છે. જેના પર દેશના સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષ વર્ધને સોમવારે કહ્યું છે કે, સરકાર સતર્ક છે અને તમારે ગભરાવાની જરુર નથી.

તેમણે જણાવ્યું છે કે, સરકારે પાછલા એક વર્ષમાં કોરોના વાયરસ સામે જરુરી તમામ મહત્વના પગલા ભર્યા છે. જ્યારે ડૉ. હર્ષ વર્ધનને પૂછવામાં આવ્યું કે શું સ્ટ્રેન વાયરસના કારણે યુકે જતી ફ્લાઈટનું ઓપરેશન

● અનુસંધાન પાન-૭ પર

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા મોતીલાલ વોરાનું નિધન

નવીદિલ્હી, તા. ૨૧

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા મોતીલાલ વોરાનું ૯૩ વર્ષની ઉમરે

નિધન થઈ ગયું છે. ખરાબ સ્વાસ્થ્યના કારણે મોતીલાલ વોરાને કાલે રાત્રે એસ્કૉર્ટ હૉસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા હતા. કાલે જ તેમનો જન્મદિવસ હતો. લાંબા સમય સુધી કૉંગ્રેસ ખજાનચી રહેલા મોતીલાલ વોરા મધ્યપ્રદેશના મુખ્યમંત્રી અને ઉત્તર પ્રદેશના રાજ્યપાલ રહી ચુક્યા છે.

ખેડૂતોને વાતચીત માટે સરકારની અપીલ

આગામી બેઠક માટે તારીખ નક્કી કરો : ખેડૂતો તરફથી જવાબમાં એ પણ સ્પષ્ટ નથી કે સરકારના પ્રસ્તાવ પર તેઓ શું વિચારે છે અને તેમનો શું નિર્ણય છે

નવી દિલ્હી,તા.૨૧

નવા કૃષિ કાયદા પર ખેડૂત આંદોલનના ૨૫માં દિવસે એકવાર ફરીથી સરકારે સંવાદ માટે પ્રયત્નોમાં ગતિ લાવી છે. એક બાજુ ખેડૂતોએ ભૂખ હડતાળની જાહેરાત કરી છે તો બીજી બાજુ સરકારે ખેડૂતોને પાંચ પાનાનો પત્ર લખ્યો છે. સરકાર તરફથી ખેડૂતોને મોકલવામાં આવેલા પત્રમાં કમવાર અત્યાર સુધી થયેલી બેઠકની મુખ્ય વાતો અને ઉકેલ ન આવવાના કારણોનો ઉલ્લેખ છે. તથા એકવાર ફરીથી બેસીને વાતચીત દ્વારા ઉકેલ લાવવાનું આમંત્રણ પણ છે. ભારત સરકાર તરફથી સંયુક્ત સચિવ વિવેક અગ્રવાલે આ પત્ર ક્રાંતિકારી કિસાન યુનિયન (પંજાબ)ના અધ્યક્ષ ડો. દર્શનપાલને લખી છે. આ ઉપરાંત ૩૯ અન્ય ખેડૂત નેતાઓને પણ આ પત્ર લખવામાં આવ્યો છે. ખેડૂતોને મોકલવામાં

● અનુસંધાન પાન-૭ પર

Start Your Business in Abroad
Company in Corporation in UK, USA, Singapore, Hongkong
Company in Corporation with Temporary Residence Permit in Ukraine, Siberia
Contact us
7879711779, 9327088937, 9081569362, 9327088935
Address
L/302, 3rd Floor, Super Mall-1, Above SBI Bank, INFOCITY, Gh-0, Gandhinagar

FIGHT CORONA
M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી
ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

શ્રી કિર્તીભાઈ વિઠ્ઠલદાસ સુખડીયા

શ્રી ચેતનભાઈ ચંદ્રકાન્તભાઈ સુખડીયા

નિકુંજ વાસ : ૨૨-૧૨-૨૦૧૯

પરિવારના મેળાવડામાંથી તમારી હંમેશને માટેની વિદાયથી પરિવાર એકલપણાનો અહેસાસ કરે છે.
તમારી સાથે વિતાવેલ પળોની યાદ અમારા હૈયે કાયમ રહેશે.
મરણ અહીં છો રહ્યું, સ્મરણમાં વહે જીંદગી
ચિર શાંતિ માટે પ્રાર્થના

॥ જયશ્રી રાધે ॥

SINCE 1977
वृन्दावन
Vraj ni Madhurta

વિઠ્ઠલદાસ પિતાંબરદાસ સુખડીયા પરિવાર